# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૮ તા.૨૭-૧૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ભીનો કચરો/ સુકો કચરો અલગ અલગ રાખવા માટેની જનજાગૃતિ ફેલાવવા અન્વયેની બેઠકમાં ઉપસ્થિત રહેવા અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અંતર્ગત જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં તા.૪-૧૨-૧૮થી ઘર,શેરી, મહોલ્લા, સોસાયટી તથા સંસ્થાઓ વગેરેમાંથી એકત્ર થતા કચરા પૈકી ભીનો કચરો/સુકો કચરો અલગ-અલગ એકત્ર થાય તે માટે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વાલી સુધી સંદેશો પહોંચાડી જનજાગૃતિ ફેલાવવા માટે તા.૨૮-૧૧-૧૮ના રોજ ૧૧-૦૦ થી ૧૨-૩૦ કલાક દરમ્યાન સ્કાઉટભવન પાલડી ખાતે એક માર્ગદર્શક બેઠકનું આયોજન કરેલ છે. જેમાં તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ ઉપસ્થિત રહેવાનું છે.

તા. ૨૭-૧૧-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નોંધ :- તા.૨૯-૧૧-૧૮ના રોજ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, શાહીબાગ ખાતે 'ચાલો આદર્શ બનીએ' પ્રોજેકટ અન્વયે શાળામાં ડી.વી.ડી. બતાવવા અંગેની ટ્રેનીંગ રાખવામાં આવેલી છે. તેથી સવારે ૮-૩૦ કલાકે દરેક ઉચ્ચ પ્રાથમિક ( ધો.૬ થી ૮) શાળામાંથી એક શિક્ષકને ઉપસ્થિત રહેવા જણાવશો. કાર્યક્રમ અંતે ભોજનની વ્યવસ્થા છે. જેથી સમયસર હાજર રહેશો.

અમદાવાદ
મ્યુનિસિપલ
કોર્પોરેશન

# ચાલો અમદાવાદીઓ...અમદાવાદને દેશનું સૌથી સ્વચ્છ શહેર બનાવીએ

**દરેક અમદાવાદી આપશે યોગદાન...**
**સ્વચ્છતા બનશે અમદાવાદની પહેચાન..**

## ભીનો કચરો અને સૂકો કચરો અલગ રાખીએ
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને **સહકાર આપીએ**

# કચરો આ રીતે છુટો પાડો




## સુકો કચરો

- કાગળ (ન્યુઝ પેપર, નોટબુક વગેરે)
- પેકેજીંગના કામમાં વપરાતું મટીરીયલ્સ
- મિશ્રિત પદાર્થોથી બનાવવામાં આવતા પેકેટ (ટેટ્રા પેક વગેરે)
- પ્લાસ્ટિક




## ભીનો કચરો

- બગડેલા શાકભાજી, રસોડામાં પડેલ નકામા શાક
- ફુલ, ફળો તેમજ તમામ પ્રકારના બગડેલા જ્યુસ
- શાકભાજી અને ફળોના છોતરા
- ઘર કે બગીચામાં નિકળતો પાંદડાનો કચરો
- ખરાબ ટોયલેટ પેપર
- તમામ પ્રકારની ખરાબ ખાદ્ય સામગ્રી

**હવેથી ભીનો કચરો અને સૂકો કચરો અલગ-અલગ લેવામાં આવશે.**